# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં વિસર્જીત ગુજરાત કૃષિ યુનિવર્સિટીના ખાતાકીય પરીક્ષાના નિયમો-૧૯૯૯નો અમલ કરવા બાબત.

વંચાણે લીધોઃ- તા.૦૧-૦૯-૨૦૧૭ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૪૫મી બેઠકની કાર્યનોંધના મુદા નં.૪૫.૧૩ મુજબ.

## જાહેરનામું

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા.૦૧-૦૯-૨૦૧૭ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૪૫મી બેઠકની કાર્યનોંધના મુદા નં.૪૫.૧૩થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવા અમલમાં આવેલ કોમન સ્ટેચ્યુટસમાં ખાતાકીય પરીક્ષાના નિયમોનો સમાવેશ કરવામાં ન આવે ત્યાં સુધી વિસર્જીત ગુજરાત કૃષિ યુનિવર્સિટીના ખાતાકીય પરીક્ષાના નિયમો-૧૯૯૯નો તથા સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃખતપ-૧૦૦૪-૧૪૭૩-ક, તા.૧૭/૦૨/૨૦૦૬થી જારી થયેલ જોગવાઇ મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં અમલ કરવા નિયામક મંડળ મંજુરી આપે છે."

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/સીસી.૨/લીગલ/ ૯૪૯ /૨૦૧૭
તા.૧૩-૦૯-૨૦૧૭